# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ No 183 તારીખ:

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી, 21 DEC 2019

હીરાલાલ લક્ષ્મીદાસ મોતા,
૪૭૬,આર.ટી.ઓ. રિલોકેશન ,
ભુજ-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૮૨૫૦ ૫૫૪૫૧

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૫/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૫/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, માંડવી રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનઃ- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ તારીખ:

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-005-2019-20.

અરજદાર: હીરાલાલ લક્ષ્મીદાસ મોતા
ગામ-ભુજ, તા.-ભુજ, જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર રહેલછે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,માંડવી
રજૂઆત કરનાર: પીજીવીસીએલ કચેરીના અગત્યના કામે રોકાયેલ હોવાથીહાજર રહેલ નહીં.

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
3) શ્રી કે.વી. ભટ્ટ, મેમ્બર ટેક

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૨/૧૧/૨૦૧૯

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી હીરાલાલ લક્ષ્મીદાસ મોતા, ગામ-ભુજ, માંડવી તાલુકા પંચાયતમાં (નવી બિલ્ડીંગ) ના બાંધકામ માટે હંગામી વીજજોડાણ મેળવેલ હતું.જે માંડવી રૂરલ પેટાવિભાગીય કચેરી,માંડવી વિભાગીય કચેરી હેઠળ મેળવેલ હતું.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રીનો હંગામી વીજજોડાણનો કરારીત વીજભાર : 1.00 KW
વીજ વીજજોડાણની તારીખ : 16/12/2016
કાયમી ધોરણે કાપ્યાની તારીખ : 29/08/2018

૧.3 સદર વીજજોડાણ રદ થતાં વીજજોડાણ હેઠળ ભરેલ અનામતની રકમ પરત મેળવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૪ અરજદારશ્રી નવા મકાનના બાંધકામ માટે હંગામીનું વીજજોડાણ મેળવેલ હતું. તા-૨૨.૧૧.૨૦૧૬ ના તેઓશ્રીના હંગામી વીજજોડાણ માટેની અનામત રકમ રસીદ નંબર XF036763 રકમ રૂ. ૫૦,૦૦૦/- જમા કરેલ.

૧.૫ અરજદારશ્રીને સદર હંગામી વીજજોડાણની જરૂરિયાત ના રહેતા તેઓશ્રીએ આ વીજમીટર ઉતારી વીજજોડાણ સમાપ્ત કરાવેલ હતું.

૧.૬ અરજદારશ્રીએ પીજીવીસીએલના નિયમ મુજબ મીટર ઉતારતી વખતે તેમના મીટરના રીડીંગ લઈ બાકી રકમ તેમની ડીપોઝીટની રકમમાંથી કાપીને બાકી રકમ પરત આપવા માટે વિનંતી કરેલ.

૧.૭ જો, હંગામી વીજજોડાણ નો વીજ પુરવઠો કાપેલ હોય તો અરજદાર દ્વારા ભરવામાં આવેલ સીક્યુરીટી ડીપોઝીટની રકમમાંથી નિયમાનુસાર થતા એનર્જી ચાર્જ તેમજ અન્ય લેવાપાત્ર થતી રકમ કાપીને બાકીની. સીક્યુરીટી ડીપોઝીટની રકમ પરત કરવી,જે આજદીન સુધી અરજદારને પરત કરેલ નથી.

૧.૮ અરજદારશ્રીએ કચેરીમાંઅરજી કરેલ અને વારંવાર રજુઆત કરેલ. પરંતુ કર્મચારીઓ દ્વારા આ કામમાં બેદરકારી અને ઈરાદાપૂર્વક વિલંબ કરેલ અને અરજદારશ્રીને અનામત રકમ મળવવામાં વિલંબ કરેલ છે.

૧.૯ અરજદારશ્રી અનુસાર હંગામી વીજજોડાણની અનામત રકમ પરતમેળવવામાં થયેલ વિલંબ સમયથી સત્વરે વ્યાજસહિત રકમપરત આપવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી હીરાલાલ લક્ષ્મીદાસ મોતા, માંડવી રૂરલ પેટાવિભાગીય કચેરી ખાતે હંગામી ધોરણે વીજજોડાણ ધરાવતા હતા.

૨.૧ અરજદારશ્રીનેસદર હંગામી વીજજોડાણની જરૂરીયાત ના હોતા આ વીજજોડાણ જમા કરાવેલ હતું.

૨.૨ અરજદારશ્રી હંગામી વીજજોડાણમાં તેમની જમા અનામતની રકમ રૂ. ૫૦,૦૦૦/- પરત મેળવવા માટે તા. ૦૩.૧૧.૨૦૧૮ ના રોજ માંડવી પેટાવિભાગીય કચેરીમાં જરૂરી આધારો જેવા કે અનામત રકમની અસલ રસીદ સાથે અરજી કરેલ.

૨.૩ અરજદારશ્રીની અનામત રકમપરત આપવા માટેની પ્રક્રિયા કરવામાંઘણો વિલંબ થયેલ છે જે માટે માંડવી રૂરલ પેટાવિભાગીય કચેરીમાં ઘણા સમયથી સીનીયર આસિસ્ટન્ટ (લીગલ)ની જગ્યા ખાલી હોવાથી કામમાં વિલંબ થયેલ છે.

૨.૪ અરજદારશ્રીની અનામત રકમ પરત આપવા માટેની પ્રક્રિયા કરવા માટે હંગામી વીજજોડાણનું જોબ ફાઈનલ થયેલ હોવું જોઈએ. જે સંબંધિત હંગામી વીજજોડાણનું જોબબીલ બનાવીને માંડવી વિભાગીય કચેરીએ તા.૦૬.૦૭.૧૯ થી મોકલેલ. જે ફાઈનલ થયેલથી અનામતની રકમ પરત કરવામાંઆવેલ છે.

૨.૫ અરજદારશ્રીની અનામતરકમપરતની મેળવવાની અરજી સંબધિત માંડવી વિભાગીય કચેરી દ્વારા જોબ બીલ ફાઈનલ કરી ગ્રાહકને તા.૧૯.૦૯.૧૯ ચેક નં.૧૭૦૦૬૩થી રૂ. ૧૦૮૭૫/- નું ચુકવણું કરેલછે જે અરજદારશ્રી દ્વારા સ્વીકારાયેલ નથી.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆતતેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રીનું ગ્રાહક નંબર ૩૯૮૨૩/૧૦૪૩૯/૫થી હંગામી વીજજોડાણ ધરાવતા હતા.જે તેઓશ્રીને જરૂરિયાત ના હોતા કાયમી ધોરણે બંધ કરાવેલ છે.

3.3 અરજદારશ્રીએ અનામત રકમ પરત મેળવવાની અરજી તા. ૦૩.૧૧.૨૦૧૮ ના રોજ માંડવી રૂરલ પેટાવિભાગીય કચેરીમાં જરૂરી આધારો જેવા કે અનામત રકમની અસલ રસીદ સાથે અરજી કરેલ. જે અનામત રકમ પરત કરવામાં પીજીવીસીએલ કચેરી દ્વારા વિલંબ કરેલ છે.

3.૪ સીક્યુરીટી ડીપોઝીટ ના ધારા ની કલમ નં.૪.૧૪ અનુસાર સીક્યુરીટી ડીપોઝીટ ૩૦ દિવસમાં પરત કરવી જોઈએ, જેનું સદર કિસ્સામાં ઉલ્લંઘન થયેલ છે.

3.૫ અરજદારશ્રીઆ અંગેની તપાસ કરવા માટે માંડવી રૂરલ પેટાવિભાગીય કચેરીમાં ગયેલ તો તેઓશ્રીને કર્મચારીઓ દ્વારા યોગ્ય જવાબ મળેલ નહીં. પીજીવીસીએલ દ્વારા આશરે બાર માસ જેટલા સમયનો વિલંબ થયેલ છે તો સંબંધિત કર્મચારી / અધિકારીની જવાબદારી નક્કી કરી શિસ્તભંગની કાર્યવાહી કરવી.

૩.૬ અરજદારશ્રીને એનર્જી ચાર્જ તેમજ અન્ય ચાર્જની કપાત પાત્ર રકમ ની ગણતરી દર્શાવતું પત્રક તેમજ કપાત બાદ પરત આપવા પાત્ર થતી રકમ નો ચેક આ આદેશ મળ્યાના દીવસ-૧૦માં અરજદારશ્રીને પરત આપવો.

૩.૭ આમ, અરજદારશ્રીને અનામત પેટે ભરપાઈ કરેલ રકમમાંથી પરત આપવાપાત્ર રકમ આપવી. પરંતુ, અરજદારશ્રીની વ્યાજસહિત રકમ પરત આપવાની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહી. આમ, અરજદારશ્રીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

૩.૯ આમ અરજદારની અરજી ફેંસલ કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કે.વી. ભટ્ટ | એન. એચ. જોષી | સી.વી. ઠાકર |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯